
સ્વ. અમૃતલાલ કાનજીભાઈ સંઘવી
સ્વ. શાન્તાબેન અમૃતલાલ સંઘવી
તથા
સ્વ હરસુખલાલ અમૃતલાલ સંઘવી
ના સ્મણાર્થે

# સંઘવી પરિવારને અર્પણ




**પ્રાપ્તિ સ્થાન**

**ડૉ. જશુબેન એચ. સંઘવી**
દુધેશ્વર સોસાયટી, બ્લોક નં. ૨૧-૨૨,
લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) ૨૬૩૨૭૮૫
www.amrutclinic.com
e-mail : dr_sanghvi@amrutclinic.com



# સ્વ. શ્રી ડૉ. હરસુખભાઇ અમૃતલાલ સંઘવી

અમે જે આ સુખનાં પરફ્યુમની સુગંધ માણી રહ્યાં છીએ
એ અમારા પૂજ્ય પિતાજીનાં પરસેવાનું બીજુ નામ છે.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

સ્વ. અમૃતલાલ કાનજીભાઈ સંઘવી
સ્વ. શાન્તાબેન અમૃતલાલ સંઘવી
સ્વ. હરસુખલાલ અમૃતલાલ સંઘવી
ના સ્મણાર્થે

## સંઘવી પરિવારને અર્પણ

: પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ડો. જશુબેન એચ. સંઘવી**
દુધેશ્વર સોસાયટી, બ્લોક નં. ૨૧–૨૨,
લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીની અંદર,
જૂનાગઢ–૩૬૨ ૦૦૧.
ફોન : (૦૨૮૫) ૨૬૩૨૭૮૫

પ્રિન્ટીંગ : નવરંગ ગ્રાફીક્સ, મો.૯૩૭૬૬ ૦૧૪૮૭
ડીઝાઈન : આરઝુ ગ્રાફીક્સ, ફોન : ૨૬૫૦૫૩૦

# અનુક્રમણિકા


(૧) પ્રસ્તાવના.......................... ૩

(૨) સંઘવી પરિવારનો ઈતિહાસ.......................... ૬

(૩) વડાલ વિશેની માહિતી (સુરાપુરા).......................... ૭

(૪) કુળદેવીનો ઈતિહાસ (અંબામા).......................... ૮

(૫) સંઘવી પરિવારનાં નિયમ.......................... ૯

(૬) નિવેધને લગતાં સૂચનો.......................... ૯

(૭) નિવેધ જારવાની રીત.......................... ૧૧

(૮) સુરધન બાપાની આરતી.......................... ૧૨

(૯) સંઘવી કુટુંબનાં દેવ અમારા.......................... ૧૩

(૧૦) સુંદર સોહામણું.......................... ૧૪

(૧૧) આંખડી મારી દાદા.......................... ૧૫

(૧૨) ગમે તે સ્વરૂપે.......................... ૧૬

(૧૩) મેરે દાદા આતે હે .......................... ૧૭

(૧૪) આનંદ આનંદ .......................... ૧૮

(૧૫) મારા દાદાને દરબાર.......................... ૧૯

(૧૬) સંઘવી કુટુંબનો આંબો.......................... ૨૦

(૧૭) શ્રી ગણપતિનું સ્તવન.......................... ૨૨

(૧૮) કુળદેવી માતાની આરતી.......................... ૨૩

(૧૯) મા–બાપને ભુલશો નહી.......................... ૨૬

(૨૦) માતાજીનો થાળ.......................... ૨૭

(૨૧) વિશ્વંભરી સ્તુતી.......................... ૨૮

(૨૨) કુમકુમનાં પગલાં પડયા.......................... ૩૦

(૨૩) ચાપસીભાઈની માહિતી.......................... ૩૧

(૨૪) વડાલ ગામે સૌ પ્રથમ બાંધકામ કરનાર દાતાઓની યાદી ૩૨

(૨૫) વડાલ જગ્યાનાં જીર્ણોધ્ધારમાં આવેલ દાન.......................... ૩૩

(૨૬) સંઘવી કુટુંબનાં સરનામા .......................... ૩૫

(૨૭) જાણકારી માટે.......................... ૪૦

# પ્રસ્તાવના

સંઘવી પરિવાર માટેની ઉત્તમ ક્ષણો એ જ આવી કે આપણે સહુ માતાજીની અસીમ કૃપાથી હળી–મળી, વધુ આત્મીયતા સાથે સાતત્ય અને સંપર્ક કેળવી, એક બીજાનાં સુખ– દુઃખમાં સહભાગી થવા આ મેળાવડાનું સફળ આયોજન કરેલ છે. જેમાં જેઓ વર્ષોથી અલગ અલગ વહેંચાયેલા હતા સહુ પરિવારજનોને એક જ સ્થળે ભેગા કરી એક પરિવારની હુંફ–ભાવના અને વાતાવરણ રચવા બદલ દરેક પરિવાર તથા નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર દરેક આયોજકોનો આપણે સહુ આભાર માનીએ છીએ. આ જ રીતે ભવિષ્યમાં પણ મેળાવડાનું સફળ આયોજન કરતા રહેશું એ જ અભ્યર્થના... સાથે આ પુસ્તક દ્વારા આપણો ઈતિહાસ, માતાજી વિશેની માહિતી તથા પરિવારજનોની બને તેટલી વધુ વિગતો સમાવી લેવાનો પ્રયાસ પણ કરેલ છે.

સંઘવી પરિવારના હાજરા હજુર કુળદેવ : શ્રી સુરધનબાપાની પૂજા અર્ચના અને સાર–સંભાળ દાયકાઓથી કરી સિંહ ફાળો આપનાર ***સ્વ. ભાઈશ્રી બાબુલાલ વલ્લભજી સંઘવી*** તથા તેમની ગેરહાજરી પછી તેટલી જ શ્રધ્ધા અને પ્રેમભાવથી તેમના પરિવારજનો આજ દિન સુધી નિઃસ્વાર્થ ભાવે સેવા કરેલ છે તે માટે સંઘવી પરિવાર તેનો આભારી છે, સાથે જ આપણા પરિવારના વંશજનોનો દુર્લભ આંબો જે આપણા ભૂતકાળની પેઢીઓ, આપણાં વ્હાલસોયા પૂર્વજો, આપણો ઉદ્દ્ભવ અને પેઢીની પેઢીઓ સુધી ન વિસરાય તેવો અતિ મૂલ્યવાન આંબો, જેનું સંકલન આપણા વડીલ શ્રી કાથરોટાવાળા ***શ્રી ચિમનલાલ સુંદરજી સંઘવી*** (જૂનાગઢ) ની મદદથી થયેલ છે. તેઓની કરેલી મહેનતથી માહિતી એકઠી કરીને આપણાં સંઘવી પરિવારને ઉપકૃત કરેલ છે તે બદલ અમો આપના આભારી છીએ.

આટલા વર્ષોના અજાણ ઈતિહાસ અને નિવેધને લગતી બાબતોની સાચી સમજણ મેળવવા આતુરતાથી પ્રતિક્ષા કરી, ઈતિહાસ ખુંદી સત્ય સમીપે પહોંચી સંતોષ પામીને કુળ દેવતા તથા કુળદેવીના આશિર્વાદ મેળવી આ પુસ્તકની સાચી

જનનીનું બિરૂદ શ્રી ડો. જશુબેન હરસુખલાલ સંઘવીના ફાળે જાય છે. તન–મન–ધન સાથે જ ખુબ સમય આપી આપણી પોતાની જ ખરી હકીકતોથી આપણને પરિચિત કરાવતી આ સુંદર પુસ્તિકાનું સંકલન કરી આપણને ભેટ આપી તે બદલ આપણે એમના ઋણી છીએ.

આપણા આંબાને રંગ સભર બનાવીને રજુ કરી સાથે જ પ્રસ્તુત પુસ્તકના સંકલન તથા મુદ્રણની જવાબદારી આપણા જ કુટુંબી ભાઈ શ્રી ડો. વિરેન્દ્રભાઈ હરસુખલાલ સંઘવી તથા શ્રી ડો. જીજ્ઞેશભાઈ હરસુખલાલ સંઘવીએ ખંતપૂર્વક સંભાળી જે સાથ સહકાર આપેલ છે તેમનો પણ સંઘવી પરિવાર આભાર માને છે.

સમર્પિત પુસ્તકમાં અ.સૌ. બીનાબેન વિરેન્દ્રભાઈ સંઘવી તથા અ.સૌ. કાજલબેન જીજ્ઞેશભાઈ સંઘવીએ વિવિધ જાણકારી અથાગ પ્રયત્નો કરી માહિતીનો સંગ્રહ કરી આપણા વડીલો પાસેથી મેળવી ખૂબજ સચોટ અને ચોકકસાઈ પૂર્વક રજુ કરવાનો એક સફળ પ્રયાસ કરેલ છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની ક્ષતી રહી ગઈ હોય તો વિશાળ હૃદય રાખી માર્ગદર્શન આપી આ ક્ષતી સુધારવાનો એક મોકો જરૂરથી આપી ક્ષમા કરશોજી.

**તકની તકલીફ જ એ છે ક એ આવ છે એના કરતાં**
**જતી રહે ત્યારે વધારે મોટી લાગે છે.**

# શ્રી આદરણીય સંઘવી પરિવાર

સૌ પ્રથમ આપના નાના ભુલકાઓનાં જય જીનેન્દ્ર, આ પુસ્તીકામાં કશી ભૂલ થઈ હોય તો અમે ક્ષમા માંગીએ છીએ. ખરેખર અમારા પૂ. દાદાએ કહ્યું છે કે કેટલું જીવ્યા તેના કરતાં કેવું જીવ્યા એ જ વધારે મહત્વનું છે.

અને તેથી જ અમે કહીએ છે કે,

**" ભૂલો ભલે બીજુ બધું, મા-બાપને ભૂલશો નહીં**
**અગણીત છે ઉપકાર એનાં, એ કદી વિસરશો નહીં "**

બસ એજ,
આપના સંઘવી પરિવારના ભુલકાઓ...
મહિમા, પ્રિયાંશ, માનવ, અપૂર્વ

# સંઘવી પરિવારનો ઈતિહાસ

સંઘવી પરિવાર મૂળ રાજસ્થાનના ભીનમાલ ગામના સોઢા રજપૂત હતા. તેઓ શીવ ધર્મ પાળતા હતા . આપણા પૂર્વજ શ્રી વેગડ દોશીએ વિક્રમ સંવત ૩૦૦ માં જૈન ધર્મ અંગિકાર કર્યો અને શ્રી વનરાજ દોશીએ વિક્રમ સંવત ૩૨૦ ના મહા સુદ સાતમના દિવસે દેરાસર બંધાવ્યું. ત્યારબાદ ત્યાંથી સ્થળાંતર કરી વિક્રમ સંવત ૮૨૨માં શ્રી રાજપાલભાઈ નામના આપણા પૂર્વજ થરા ગામેથી સિધ્ધપુર પાટણ(ગુજરાત) આવીને વસ્યા આશરે ૧૨૦૦ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૮૫૦ ના અરસામાં શ્રી રાજપાલભાઈના ભાઈશ્રી વૃજલાલભાઈ પાટણમાં વનરાજ ચાવડાના વખતમાં મહેતા તરીકે રાજ્યનું કામ કરતાં હતા. એટલે એના વંશજો " મહેતા" કહેવાયા. આથી સંઘવી શાખ પહેલાં આપણા પૂર્વની શાખ " મહેતા " હતી. વિક્રમ સંવત ૧૫૯૯ માં આપણા પૂર્વજશ્રી ચાપશીભાઈએ ચોરાશી કરી તથા લાણી કરી અને પાટણથી પાલીતાણાના શેત્રુંજય પર્વત ઉપર પાર્શ્વનાથ ભગવાનના દર્શનાર્થે આવવા સંઘ કાઢ્યો. અને ત્યારથી એટલે કે વિક્રમ સંવત ૧૫૯૯ થી આપણા પૂર્વજની શાખ મહેતામાંથી " સંઘવી " થઈ. ત્યારબાદ ઝાલોર, ઈડર, થરા, શિહોરી, સિધ્ધપુર પાટણ તરફ સ્થાયી થયા.અત્યારે તે જ સંઘવી પરિવાર ઝાલોર, ઈડર, કલકત્તા, બોમ્બે, અમદાવાદ, મોરબી, રાજકોટ,જૂનાગઢ, વડાલ, પોરબંદર, સાવરકુંડલા વગેરેમાં વસે છે.

**માં એક એવી ઋતુ છે, જેને કદી પાનખર આવતી નથી.**
**રોમે રોમે હેત ભર્યું..., જેના વેણે વેણે વરદાન.**
**વેરવેર એ જ બિરાજે... મા રૂપે ભગવાન.**

# વડાલ વિશેની માહિતી (સુરાપુરા)

જૂનાગઢથી નિકળી રાજકોટ હાઈવે પર જૂનાગઢ થી ફક્ત ૧૨ કિમી. દુર ડાબી બાજુએ વડાલ ગામમાં જવા માટેનો રસ્તો છે. તે રસ્તા પર જ રાજકોટ હાઈવે પરથી ૧૦ ફુટના અંતરે આપણા સંઘવી કુટુંબના સુરધન બાપા બિરાજમાન છે. આ જગ્યામાં કુળદેવતાની અસીમ કૃપાથી રહેવાની સુંદર વ્યવસ્થા છે. અંદાજીત ૧૦ થી ૧૫ દર્શનાર્થીઓ ત્યાં આરામથી રોકાય શકે તેમ છે.

સુરાપુરા બાપાના નિવેધ **૨|| પવાલુ** ચોખા તથા ૧| પવાલુ તલવટ જરાય છે. જે નિવેધ રૂપ ચૌદસના દિવસે થાય છે.

સુરાપુરા બાપાના મંદિરની ચાવી વડાલ આશાપુરા ધામમાં તથા ડો. વિ. એચ. સંઘવી – રાજકોટ હાઈવે, મજેવડી દરવાજે જૂનાગઢમાં રાખેલ છે. તથા દરેક કુટુંબમાં પણ મળી રહેશે. કુટુંબની વહુઓએ લાજ કાઢીને જ બાપાનાં દર્શન કરવા.

**પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય થયું એટલે જ તેણે માનું સર્જન કર્યું.**

**ભગવાનને ભજવાથી મા મળતી નથી, પરંતુ માને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.**

# કુળદેવીનો ઈતિહાસ
# (અંબા મા)

આપણા કુળદેવી શ્રી અંબાજી માતા છે. તથા ગૌત્ર ભાર્દવાજ છે. ગૌત્ર દેવી બુટ માતા છે. અરણેજ ગામમાં માતાનું મંદિર છે. આ અરણેજ ગામ લીંબડી અને ધોળકા વચ્ચે આવેલ છે. આપણી શાખ સોલંકી જ્ઞાતિ રજપૂત તથા ધર્મ શિવધર્મ હતો. વિક્રમ સંવત ૧૭૦૦ માં અંબાજી માતાની સંઘવી કુટુંબના કુળદેવી તરીકે સ્થાપના થઈ. પાટણનાં રહીશ શ્રી ચાપશીભાઈનાં પુત્ર શ્રી હાથીભાઈ, શ્રી હાથીભાઈને પાંચ પુત્રો નામે, શ્રી કોડણભાઈ, શ્રી વિરદાઈભાઈ, શ્રી જયપાલભાઈ, શ્રી લાડણભાઈ તથા શ્રી દેવરાજભાઈ હતા. આ પાંચેય ભાઈઓનું મોસાળ કુતિયાણાનાં રહીશ શ્રી પ્રાગજીભાઈ પારેખ હતું. શ્રી પ્રાગજીભાઈ પારેખનાં કુળદેવી શ્રી અંબાજી માતા હતાં. હાથીભાઈના પુત્ર શ્રી વિરદાઈભાઈને અંબાજી માતામાં ખુબ શ્રધ્ધા હતી. આથી એમણે વિક્રમ સંવત ૧૭૦૦ ની આસપાસ શ્રી અંબાજી માતાને પોતાના કુળદેવી તરીકે સ્વીકાર્યા અને ત્યારથી સંઘવી કુટુંબના કુળદેવી તરીકે શ્રી અંબાજી માતાની સ્થાપના થઈ. અને ત્યારથી અંબાજી માતાનાં મોટા નિવેધ સંઘવી કટુંબમાં થાય છે. જે નિવેધ દશેરાનાં રોજ થાય છે. આપણાં છેડાછેડી ગિરનાર પર્વત ઉપર અંબાજી માતાની હાજરીમાં છુટે છે. આપણાં નિવેધમાં ઘઉના ગળ્યા પુડલા તથા ચોખા થાય છે. જેનું માપ ૧૧ પાલી ઘઉ તથા ૬૦૦ ગ્રામ ગોળ તેનાં પુડલા બનાવવા તથા ૧૧ પાલી ચોખા નિવેધમાં જારવા.

રેતીનાં કણને કદાચ ગણી શકાય પણ માની મમતાને ન ગણી શકાય.

મા એટલે મંદિર કેરો દિવડો

# સંઘવી પરિવારનાં નિયમ

સંઘવી કુટુંબનાં બારોટ શ્રી શંકરપ્રસાદ કૃષ્ણરામનાં આદેશ પ્રમાણે પાળવાનાં નિયમ.

આપણા બારોટ શંકરપ્રસાદ કૃષ્ણરામનાં આદેશથી નિયમ લખેલ છે. ઘોડિયું, સાદા ફુલવાળો ગરબો, પાલીશવાળા પાટલા, વેલણ લેવાતા નથી. આ વસ્તુઓ કોઈ આપે અથવા કરિયાવરમાં આવેલ હોય તો જ વપરાય છે. કાળો દોરો તેમજ ઘુઘરી લેવાતી નથી. (પિયર મોસાળીયા કે બીજા કોઈ આપાવે તો વાપરી શકાય)

- **પ્રતિવર્ષ ૨ નિવેધ કરવાનાં હોય છે.**
  - (૧) આસો સુદ દશમ (દશેરા)
  - (૨) સુરધન બાપાનાં નિવેધ
    - (૧) માતાજીનાં દશેરાનાં નિવેધમાં **૫।પવાલુ** ઘઉના ગળ્યા પુડલા, પુડલામાં ૬૦૦ ગ્રામ ગોળ નાખવો.
    - (૨) **૨॥પવાલુ** ચોખા નિવેધમાં જારવા.
- **સુરધન બાપાનાં નિવેધમાં**
  - (૧) **૨॥પવાલુ** ચોખા ૧। પવાલું તલવટ જારવા.
    જે નિવેધ રૂપ ચૌદશનાં દિવસે સાંજે થાય છે.
- **નિવેધ ત્રણ પ્રસંગે કરવામાં આવે છે :**
  - (૧) પુત્રના જન્મ પ્રસંગે
  - (૨) પુત્રનાં ભણતરનાં
  - (૩) શ્રીમંતનાં (ખોળો ભરવાના) પ્રસંગે
  - (૪) પુત્રનાં લગ્નનાં નિવેધ
- **જમણી નાળિયેર બદલવાનો સમય :**
  - (૧) મકાનનું વાસ્તુ કરીએ ત્યારે...
  - (૨) શ્રીમંતના (અઘેણીનાં) પ્રસંગ વખતે...
  - (૩) દશેરાના નિવેધમાં જમણી નાળિયેર બદલાતા નથી.
- દેવીસ્થાનમાં કાળા કપડાં પહેરવા નહી.
- શ્રીમંતનાં નિવેધ ઘરનાં મંદિરની સફાઈ કરી, ઘરમાં પણ કરી શકાય છે. અનુકુળતા હોય તો ખોળો ઘરમાં મંદિરની સામે જ ભરવો અને જમણી નાળિયેર બદલાવી ને નિવેધ કરવા.

- પ્રત્યેક દિકરા – દિકરી પરણે ત્યારે રાંદલ માતાનાં બે લોટા તેડવાનાં હોય છે.
- વહુનાં શ્રીમંત વખતે પણ રાંદલ માતાનાં બે લોટા તેડવાનાં હોય છે.
- લગ્નનાં, શ્રીમંતના, પુત્રનાં તેમજ રાંદલ માતાના લોટા તેડવા તે જ દિવસે જરૂરી નથી. પણ ન થાય ત્યાં સુધી કોઈપણ બાધા રાખવી જરૂરી છે.
- નોરતામાં શ્રીફળ વધેરાતું નથી તથા માતાજીની કોઈપણ માનતાઓ ઉતારાતી નથી.
- શ્રીફળ વધેરીને તેની પાંચ શેષ માતાજીને મુકવાની હોય છે. જે પછીથી કુંવારકાને ખવડાવવાની હોય છે. શ્રીફળનાં છોતરા તથા કાચલી વહેતા પાણીમાં પધરાવવા.
- કુળદેવીની દીવા કરવાની ફૂલવાટ હોય છે અને કુળદેવતાની દીવા કરવાની વાટ રૂ ની ડબલ લાંબી હોય છે. (આડી વાટ)
- દિકરો પરણે ત્યારે વેવાઈ પાસેથી માતાજીના કરનાં રૂ. ૧૧ લેવાનાં હોય છે.
- વહુને પહેલી સુવાવડ કરવા પિયરે મોકલાતી નથી અને દિકરીની પહેલી સુવાવડ આપણે ત્યાં કરાતી નથી.
- વહુનો ખોળો ભર્યા પછી તેમના પિયરે રાત રોકાવાનું નથી.
- ઘરમાં સુવાવડ આવે તો સવા મહિનો દીવો કરવો નહી. (બે પેઢી સુધી)
- ઘરમાં મરણ હોય તો ૧૬ દિવસ દીવો કરવો નહિં. (બે પેઢી સુધી)
- જેમ દુરનું સગપણ થાય તેમ દિવસ ઘટે તો પણ ૫ દિવસ દીવો કરવો નહિં.
- નિવેધ હોય ત્યારે તેમજ કોઈપણ જગ્યાએ દીવો ચાલુ હોય ત્યારે રૂમમાં સાવરણીથી સફાઈ કરાતી નથી. ફકત કોઈપણ કપડાં અથવા પૂંજણીથી સાફ કરી લેવું.

**સો શિક્ષક કરતાં એક માતા ચડે...**
**સદ્‌ગુણ–સંસ્કાર આપી બાળકને એ જ ઘડે**

**બચપણમાં જેણે તમને પાળ્યા... ઘડપણમાં જો એના હૈયા બાળ્યા,**
**તો યાદ રાખજો સંતાનો... તમારા ભાગ્ય મરી પરવાર્યા...**

# નિવેધ ઝારવાની રીત

નિવેધને દિવસે ઘર ગૌમુત્ર છાંટી પવિત્ર કરવું તેમજ ઘરમાં આવનાર દરેક વ્યક્તિ પર પણ ગૌમુત્ર છાંટી તેમને પવિત્ર કરવા જો ગૌ મુત્ર ન હોય તો સાદા પાણીમાં સોનાની વસ્તુ મુકી છંટકાવ કરી પવિત્રતા કરી શકાય છે. નિવેધ ઝારવા માટેનું પાણી શુધ્ધ લેવું.

નિવેધ કુટુંબનો દિકરો જ ઝારે છે. નિવેધ ઝારતી વખતે સાથે પૂજાની સફેદ ટોપી અથવા સ્વચ્છ રૂમાલથી માથું ઢાંકેલું રાખવું.

પ્રથમ સ્વચ્છ (ધોયેલો) પાટલો લઈ પૂર્વ દિશા તરફ મુકવો. જો ઘરમાં મંદિર સામે નિવેધ કરવા હોય તો પણ કરાય. પાટલ પર સવા રૂપિયો મુકી તે પૈસા ઉપર એક નંગ કાચી સોપારી મૂકી, દીવો અગરબત્તી કરવા. માતાજીના દશેરાના નિવેદમાં થાળીમાં ચીભડાની ઉભી સાત ચીર મુકવી.

ત્યારબાદ નિવેધમાં બનાવેલી વસ્તુઅ` પાટલા પર ઝારીને કુળ દેવી–કુળદેવતાને પ્રણામ કરી નિવેધ જમવા આમંત્રણ આપવું અને નિવેધમાં જો કોઈ ભૂલચૂક રહી ગઈ હોય તો તે બદલ ક્ષમા માગવી.

સૌ પ્રથમ કુંવારી દિકરીઓને જ નિવેધ ખવડાવવા કુંવારીકાના ચાખી લીધા બાદ બધાએ દર્શન કરીને નિવેધ જમવા.

**સૂચના :**

પાટલા પર મૂકેલ સોપારી અને પૈસા કુંવારીકાને આપવા. પાટલા પર ધરાવેલ નિવેધ નદી અથવા દરીયામાં પધરાવવા અથવા ગાયને ખવડાવવા.

અંગ નિચોવી અમૃત પાયા...
ગાયા શી ગીત, શી મધુર છટા,
સુકે સુવાડી આપને,
પોતે ભીને સુતાં જો....

# સુરધન બાપાની આરતી (સુરાપુરાબાપા)

ૐ જય સુરધન બાપા, ૐ જય સુરધન બાપા,
વડાલમાં બીરાજતા (૨) સંઘવીના કુળદેવ,
ૐ જય સુરધન બાપા.

બાપા દેવ અમારા , રાખતા કુળની લાજ (૨)
બાપા રાખતા કુળની લાજ,
દર્શન કરવા આવીએ, લાવી શ્રધ્ધા ભાવ,
ૐ જય સુરધન બાપા.

દશેરાનાં નિવેધ ધરીએ, ભાત અને પુડલા,
બાપા ભાત અને પુડલા,
શ્રીફળ વધેરીને જમીએ, કુટુંબની સંગે,
ૐ જય સુરધન બાપા.

સંઘવી કુળનાં દેવ મોટા, કરતા પૂરી આશા,
કરતા પુરી આશા,
ગોઠી જનને સમૃધ્ધ કરીને સુખ શાંતિ આપતા,
ૐ જય સુરધન બાપા.

નિત્ય આ આરતી બાપાની, જે ભાવે ગાશે,
બાપા જે ભાવે ગાશે,
સુખ શાંતિ ઘરે આવશે (૨) ભવ પાર ઉતરી જશે,
ૐ જય સુરધન બાપા.

**જે ધરતી પર પહેલો શ્વાસ તે લીધો ત્યારે તારી માતા તારી પાસહતા.
પરંતુ મા–બાપ છેલ્લો શ્વાસ લે છે ત્યારે તું જ પાસે રહેજે.**

# સંઘવી કુટુંબના દેવ અમારા

સંઘવી કુટુંબના દેવ અમારા, બોલાવે તમારા બાળ,
દાદા આવોને રમવા
બાલુડા આપને પાયે પડે છે વિનવે વારંવાર... દાદા...
અવગુણ સામે જોશોના દાદા
અમારી ઉપર કોપશો ના દાદા
છોરૂ કછોરૂ ક્હેવાય... દાદા આવોને...
પ્રગટ થયાને દર્શન આપ્યા
સંઘવી કુટુંબના સંકટ કાપ્યા.
બાળકો ગુણલા ગાય... દાદા...
ઘેરણા વાદળા વિપદના જ્યારે
મનડા મુંજાણા બાળકના ત્યારે
પ્રગટ થઈ કીધી સહાય... દાદા...
મધદરિયે મારી નાવ અથડાય છે.
ધીરજ ખુટીને મનડા મુંઝાય છે.
દોડી આવ્યા તમારે દ્વાર... દાદા...
વાટલડી જોતા થાકી મારી આંખડી
વિતે છે રાતડીને ડુબે છે નાવડી
બાળકોને વ્હારે થાય... દાદા...
દર્શનથી દુઃખ દૂર થાશે અમારા...
બાળકો ગુણલા ગાયે તમારા...
બોલો બોલાવું વારંવાર... દાદા...
ગાંડાના ઘેલા બાળ તમારા
લળી લળી લાગે પાપ .. દાદા...

# સુંદર સોહામણું.....

સુંદર સોહામણું મંદિર હોજો (૨) એમાં મારા (૨)
દાદાજીની ખાંભી હોજો.

હું તો મારા દાદાજીને મંદિરમાં પધરાવી દઉં
મંદિર ન મળે તો હું હૃદયમાં પધરાવી દઉં
હૃદયથી સુંદર ભાવ મારા હોજો (૨) .... એમા મારા (૨)
દાદાજી ની ખાંભી હોજો.

હું તો મારા દાદાજીને કંકુડે વધાવી લઉં
કંકુના મળે તો હું કેસરથી વધાવી લઉં
કેસરથી સુંદર કસ્તુરી હોજો... એમાં મારા...(૨)
દાદાજી ની ખાંભી હોજો.

હું તો મારા દાદાજી ને રૂપાથી મઢાવી દઉં
રૂપું ન મળે તો હું સોનાથી મઢાવી દઉં
સોનાથી સુંદર હીરલા હોજો... એમાં મારા... (૨)
દાદાજી ની ખાંભી હોજો.

હું તો મારા દાદાજીને ફુલડાથી વધાવી લઉં
ફુલડાના મળે તો હું કલીઓથી વધાવી લઉં
કલીઓથી સુંદર ડમરો હોજો... એમાં મારા...(૨)
દાદાજી ની ખાંભી હોજો.

# આંખડી મારી દાદા...

આંખડી મારી દાદા હરખાય છે (૨)
જ્યાં તમારાં મુખનાં દર્શન થાય છે (૨) આંખડી

પગ અધીરા દોડતા મંદિરમાં (૨)
દ્વારે પહોચુ ત્યાં અજંપો થાય છે (૨)
જ્યાં તમારાં મુખના...

દેવનું વિમાન જાણે ઉતર્યું (૨)
એવું મંદિર આપવું સોહાય છે (૨)
જ્યાં તમારાં મુખના...

ચાંદની જેવી પ્રતિમા આપની (૨)
તેજ એનું ચોતરફ ફેલાય છે (૨)
જ્યાં તમારાં મુખના...

મુખડું જાણે પુનમનો ચંદ્રમાં (૨)
દીલમાં તો ઠંડક અનેરી થાય છે (૨)
જ્યાં તમારાં મુખના...

બસ તમારા રૂપને નીરખ્યા કરું (૨)
લાગણી એવી હૃદયમાં થાય છે (૨)
જ્યાં તમારાં મુખના...

# ગમે તે સ્વરૂપે...

ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બિરાજો, દાદા મારા વંદન (૨)

ભલે ના નિહાળુ નજરથી તમોને
મળ્યા ગુણ તમારા સફળ મારું જીવન...
જન્મ જે અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા
ના ધર્મ કર્યો કે ના તમોને સંભાર્યા...

હવે આ જનમમાં કરૂં હું વિનંતિ
સ્વીકારો તમે તો, તૂટે મારા બંધન...
ભર્યા આ ભૂમિમાં છલોછલ અંધારા
કદમ કયા ઉપાડે જીવો આ બિચારા...
થતો જાય ઝાંખો પ્રતિદિન દાદા
બતાવ્યો હતો જે તમે પંથ પાવન...
મને હોંશ એવી ઉજાળું જગતને
કિરણ મળે મારા મનનાં દીપકને...
તમે તેજ આપ્યો, જલે એવી જ્યોતિ
અમર પંથે સહુને કરાવજો દર્શન...

# મેરે દાદા આતે હે

જબ કોઈ નહિ આતા, મેરે દાદા આતે હૈ
મેરે દુઃખ કે (૨) દિનો મેં વો બડે કામ આતે હૈ,
મેરી નૈયા ચલતી હૈ મતવાર નહી ચલતી,
કીસી ઔર કી અબ મુઝકો દરકાર નહી હોતી,
મેં ડરતા નહી જગ સે મેરે દાદા સાથમેં હૈ,
મેરે દુઃખકે દિનો મેં...

જો યાદ કરે ઉનકો દુઃખ હલકા હો જાયે,
જો ભક્તિ કરે ઉનકી વે ઉનકે હો જાયે,
યે બિન બોલે કુછ ભી પહચાન જાતે હૈ,
મેરે દુઃખ કે દિનો મેં...
વે ઈતને બડે હોકર દિનો સે પ્યાર કરે,
અપને ભક્તો કે દુઃખ કો વે પલ મેં દુર કરે,
સબ ભક્તો કા કહના દાદા માન જાતે હૈ ...
મેરે દુઃખ કે દિનો મેં...
સબ ભક્તો કા કહના દાદા માન જાતે હૈ...
મેરે દુઃખકે દિનો મેં...
મેરે મનકે મંદિર મેં, દાદા કા વાસ રહે,
કોઈ પાસ રહે ના રહે મેરે દાદા પાસ રહે,
મેરે વ્યાકુલ મન કો વે જાન જાતે હૈ,
મેરે દુઃખકે દિનો મેં...

# આનંદ.... આનંદ......

આનંદ આનંદ મારા રોમે રોમે આજ
આજ બિરાજે મારા... દાદા
આજે કીધા છે અમે દર્શન દાદાના
આજે લીધા છે અમે આશિષ દાદાના
ધન્ય ધન્ય બની ગયા અમે બધા આજ...
આજ બિરાજે....

સંઘવી પરિવાર આજે ભેગા થાય છે
દાદાના ગીતો આજે હોંશે ગવાય છે.
સુખી રહેજો એવા આશિષ દાદા આપે આજ...
આજ બિરાજે...

# મારા દાદાને દરબાર.....

મારા દાદાને દરબાર ઢોલ વાગે છે

વાગે છે ઢોલ વાગે છે

ગામ ગામના સોનીડા આવે છે

આવે છે શું શું લાવે છે

મારા દાદાના મુગટ લાવે છે... મારા દાદાના...

ગામ ગામના ઝવેરી આવે છે

આવે છે શું શું લાવે છે

મારા દાદાના કુંડલ લાવે છે.... મારા દાદાના...

આજ સંઘવી પરિવાર આવે છે


આવે છે શું શું લાવે છે

મારા દાદાની ભાવના બઢાવે છે

મારા દાદાના જાપ કરાવે છે.. મારા દાદાના...

કાથરોટા વાળા શ્રી ચીમનલાલ સુંદરજી સંઘવી (એડવોકેટ)
હાલ જૂનાગઢ વાળા તરફથી ભેટ.....

## સંઘવી કુટુંબ વૃક્ષ




સંઘવી કુટુંબ વૃક્ષ

સંવત ૧૫૯૯

નોંધ : આ આંબામાં કોઈ ક્ષતિ રહી ગયેલ હોય અથવા નામમાં ભૂલ હોય અથવા ઉમેરવાનું હોયતો ફેરફા કરીને મોકલવા વિનંતી.

# ૧૦. શ્રી ગણપતિનું સ્તવન

પ્રથમ દિવસે પહેલાં સમરીએ, સ્વામી તમને સુંઢાળા
રિધ્ધિ સિધ્ધનાં દાતાર દેવતા, મહેર કરોને મહારાજ રે...

માતારે જેના પાર્વતી, સ્વામી તમને સુંઢાળા,
પિતા છે શંકર દેવ દેવતા, મહેર કરોને મહારાજ રે...

ઘૃત સિંદુરની સેવા ચઢે, સ્વામી તમને સુંઢાળા,
ગળામાં ફૂલડાનો હાર દેવતા, મહેર કરોને મહારાજ રે...

કાન મેં કુંડળ ઝળહળે, સ્વામી તમને સુંઢાળા,
ગળામાં મોતીડાંનો હાર દેવતા, મહેર કરોને મહારાજ રે...

રિધ્ધિ સિધ્ધ ચમર ઢોળે, સ્વામી તમને સુંઢાળા,
મોદકનો આહાર દેવતા, મહેર કરીને મહારાજ રે...

રાવત રણશીની વિનંતી રે, સ્વામી તમને સુંઢાળા,
સંઘવી કુટુંબની વિનંતી રે, સ્વામી તમને સુંઢાળા,
ભક્તોની રહેજો સાથ દેવતા, મહેર કરોને મહારાજ રે...

**જગતમાં મા બનીને જોશો તો ક્યાંય દુર્ગુણ નહીં દેખાય,**
**દુશ્મન બનીને જોશો તો ક્યાંય સદ્‌ગુણ નહીં દેખાય.**

# ૧૧. કુળદેવી માતાની આરતી

જય આદ્યા શકિત મા જય આદ્યા શકિત
અખંડ બ્રહ્માંડ નીપાવ્યા (૨) પંડવે પંડિતમાં

અંબે જય ૐ જય ૐ માં જગદંબે.

દ્વિતિયા બેય સ્વરૂપ શિવશકિત જાણું – માં શિવશકિત જાણું,
બ્રહ્મા ગણપતિ ગાયે (૨) હર ગાયે હરમાં... અંબે જય ૐ જય ૐ...

તૃતિયા ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠા – મા ત્રિભુવનમાં બેઠા
દયા થકી તરવેણી (૨) તમે તરવેણીમાં... અંબે જય ૐ જય ૐ...

ચોથા ચતુરા મહાલક્ષ્મીમાં સચરાચર વ્યાપ્યા – મા સચરા ચરવ્યાપ્યા,
ચાર ભૂજા ચૌ દિશા (૨) પગટ્યા દક્ષિણમાં... અંબે જય ૐ જય ૐ...

પંચમે પંચ ઋષિ પંચમે ગુણ પદમા, માં પંચમે ગુણ પદમાં,
પંચ સહસ્ત્ર ત્યાં સોહિએ (૨) પંચે તત્વોમાં... અંબે જય ૐ જય ૐ...

ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો – મા મહિષાસુર માર્યો,
નરનારીનાં રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા... અંબે જય ૐ જય ૐ...

સપ્તમી સપ્ત પાતાળ સાવિત્રી સંધ્યામાં – સાવિત્રી સંધ્યા,
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા... અંબે જય ૐ જય ૐ...

અષ્ટમી અષ્ટભુજા આઈ આનંદા– મા આઈ આનંદા,
સુનીવર મુનીવર જન્મ્યા (૨) દેવ દૈત્યોમાં... અંબે જય ૐ જય ૐ...

નવમી નવકુળ નાગ સેવે નવદુર્ગા – મા સેવે નવદુર્ગા,
નવ રાત્રીનાં પૂજન,શિવરાત્રીના અર્ચન કીધા હર બ્રહમા... અંબે જય ૐ જય ૐ...

દસમી દસ અવતાર, જય વિજયા દસમી – મા જય વિજયા દસમી
રામે રામ રમાડયો (૨) રાવણ રોળ્યો મા... અંબે જય ૐ જય ૐ...

એકાદશી અગિયારસ કાત્યાયની કામા – મા કાત્યાયની કામા,
કામ્દુર્ગા કાલીકા (૨) શ્યામાને રામા... અંબે જય ૐ જય ૐ...

બારસે બાળારૂપ બહુચરી અંબામા – મા બહુચરી અંબામાં,
બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ તારા છે તુજમાં... અંબે જય ૐ જય ૐ...

તેરસે તુળજારૂપ તમે તારૂણી માતા – મા તમે તારૂણી માતા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા... અંબે જય ૐ જય ૐ...

ચૌદ સે ચૌદારૂપ ચંડી ચામુંડા – મા ચંડી ચામુંડા,
ભાવ ભક્તિ કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો–સિંહવાહીની માતા. અંબે જય ૐ જય ૐ...

પૂનમે કુંભ ભર્યો સાંભળજો કરૂણા – માં સાંભળજો કરૂણા...
વશિષ્ટ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા ગાઈ શુભ કવિતા અંબે જય ૐ જય ૐ...

સવંત સોળ સતાવન સોળસે બાવીસમાં – મા સોળસે બાવીસ માં,
સવંત સોળે મા પ્રગ્ટ્યા (૨) રેવાને તીરે–મા ગંગાને તીરે... અંબે જય ૐ જય ૐ...

ત્રંબાવટી નગરી, આઈ રૂપાવટી નગરી, મા મંછાવટી નગરી,
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨) ક્ષમા કરો ગૌરી મા દયા કરો ગૌરી અંબે જય ૐ જય ૐ...

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે– મા જે ભાવે ગાશે,
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપતિ થાશે, હર કૈલાશે જાશે માં અંબા દુઃખ હરશે.
અંબે જય ૐ જય ૐ...

એકમે એક સ્વરૂપ અંતર નત ધરશો – મા અંતર નવ ધરશો,
ભોળા ભવાનીને ભજતાં, ભોળા અંબે મા ને ભજતાં, ભવસાગર તરશો...
અંબે જય ૐ જય ૐ...

ભાવ ન જાણું ભક્તિ ન જાણું નવ જાણું સેવા – મા નવજાણું સેવા,
વલ્લભ ભક્તને આપી – એવી અમને આપો તુમ ચરણોની સેવા...
અંબે જય ૐ જય ૐ...

માની ચુંદડી લાલ ગુલાલ શોભા અતિ પ્યારી – મા શોભા અતિ પ્યારી,
આંગણ કુકડ નાચે (૨) જય બહુચર વાળી.. અંબે જય ૐ જય ૐ...

સર્વ મંગલ્ય માંગલ્યે, શિવે સર્વાથ સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણી નમોસ્તુતે ।।

જે માનવી જન્મી જગે, જગદમ્બાને વિસરી ગયો,
સેવા કરી ના માતાની, અવતાર તો એળે ગયો.
કાયા મળી કંચન તણી, સેવા મળી માતાની,
માતા મુખે ના વિધ્યા, જીવા દીધી શા કામની,
પરમેશ્વરીને પુજતાં, પરમ જીવો જાય તરી,
જેણે ભજયા મા ભગવતી, આશા પુરે ઈશ્વરી,
જવાનું છે જો જો જરૂર, મીન મેખે તો ફરશે નહી,
મુક્યા વિસરી માતને, અવસર ફરી મળશે નહી,
સેવક કહે મા આપનો, સહ દાસને સંભાળજો,
ચિંતવન તમારા નમનું, અંબે સદા છું આપનો.

# મા-બાપને ભૂલશો નહી.

ભૂલો ભલે બીજુ બધું મા–બાપને ભૂલશો નહી,
અગણિત છે ઉપકાર એના એ કદી વિશરશો નહી.
અસહ્ય વેઠી વેદના ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનનાં કાળજા પત્થર બની છુંદશો નહી.
કાઢી મુખેથી કોળિયા મો માં દઈ મોટા કર્યા,
અમૃત તણાં દેનાર સામે ઝેર ઉછાળશો નહી.
લાખો લડાવ્યા લાડ તમને કોડ સહુ પુરા કર્યા,
એ કોડના પુરનારના કોડ પુરવા ભુલશો નહી.
લાખો કમાતા હો ભલે મા–બાપ જેના ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે એ માનવું ભુલશો નહી.
સંતાનથી સેવા ચાહો છો સંતાન છો સેવા કરો
જેવું કરો તેવું ભરો એ ભાવના ભુલશો નહી.
ભીને સુઈ પોતે અને સુકે સુવાડયા આપને,
એ અમીમય આંખને ભૂલીને ભીજવશો નહી.
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેણે તમારા રાહ પર,
એ રાહબરનો રાહ પર કંટક કદી બનશો નહી.
ધન ખરચતાં મળશે બધુ, પણ માતા–પિતા મળશે નહી,
એના પુનિત ચરણો તણી ચાહના ભૂલશો નહી.

**સંસારની બે જ કરૂણતા મા વિનાનું ઘર અને ઘર વિનાની મા**
**મા વગરનું બાળક એટલે કડી વગરનો દરવાજો**
**મા – બાપની આંખમાં બે વાર આંસુ આવે છે.**
**દિકરી સાસરે જાય ત્યારે...**
**દિકરો મોં ફેરવી લે ત્યારે...**

# માતાજીનો થાળ

જમો જમાડું ભાવના ભોજન,
પીરસ્યો ભાવનાનો થાળ... માવડી વ્હેલેરાં આવજો.

મેવા મિઠાઈ માડી ક્યાંથી મંગાવું, બરફીને પેંડા હું ક્યાંથી લઈ આવું,
મુક્યું છે તુલસીનું પાન... માવડી વ્હેલેરાં આવજો.

જળ રે જમુનાના ક્યાંથી મંગાવું, જળ રે ગંગાનાં હું ક્યાંથી લઈ આવું,
આંખે છે આંસુડાની ધાર... માવડી વ્હેલેરાં આવજો.

લવીંગ સોપારી માડી ક્યાંથી મંગાવું, મુખવાસ એલચી હું ક્યાંથી લઈ આવું,
મુક્યું છે તુલસીનું પાન... માવડી વ્હેલેરાં આવજો.

જેવા તેવા પણ તો યે તમારા, ગાંડા ઘેલાં પણ તો યે તમારા,
હું છું ગરીબ તારો બાળ.,. માવડી વ્હેલેરાં આવજો.

જમો જમાડું મા ભાવના ભોજન...

# વિશ્વંભરી સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા,
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા,
દુઃબુધ્ધિને દૂર કરી સદ્દબુધ્ધિ આપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની,
સૂઝે નહી લગીર કોઈ દિશા જવાની,
ભાસે ભયંકર વળી મનનાં ઉતાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

આ રંકને ઉગારવા નથી કોઈ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાહ્ય તારો,
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારૂં,
કોને કહું કઠણ યોગ તણો બળાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો,
દોષો થકી દુષિત ના કરી માફ પાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું,
ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ દીધું,
શ્રધ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

રે ! રે ! ભવાની બહુ ભૂલ થઈ જ મારી,
આ જીંદગી થઈ મુજને અતિશે આકારી,
દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

ખાલી ન કોઈ સ્થળ છે વિણ આપ ધારો,
બ્રહ્માંડમાં અણુ અણુ મહી વાસ તારો,
શક્તિ ન માપ ગણવા અગણિત માપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

પાપે પ્રપંચ કરવા બધી વાતે પુરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો,
જાડ્યાંધકાર દૂર કરી, સદ્‌બુધ્ધિ આપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

સીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે,
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચીતે,
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

શ્રી સદ્‌ગુરૂ ચરણમાં રહીને યજું છું,
રાત્રિદિને ભગવતી તુજને ભજું છું,
સદ્‌ભક્ત સેવક તણા પરિતાપ ચાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

અંતર વિષે અધિક ઉર્મી થતા ભવાની,
ગાઉ સ્તુતિ નવ બળે નમીને મૃડાની,
સંસારનાં સકળ યોગ સમૂળ કાપો,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

મા સિવાય જગમાં નથી કોઈ મારૂં,
સાચા સગા ભગવતી સહુને વિચારૂં,
ભુલું કદાચ ભવ પાસ તણા કુસંગે,
મામ્ પાહિ ઓમ ભગવતી ! ભવ દુઃખ કાપો

# કુમકુમના પગલાં પડયા

કુમકુમના પગલાં પડયા માડીના હેત ઢળ્યાં,
જોવા લોક ટોળે મળ્યાં રે...
માડી તારા આવવાના એંધાણ કળ્યાં (૨)

માડી તું જો પધાર, સજી સોળે શણગાર,
આવી મારે રે દ્વાર, થાશે પાવન પગથાર,
ચાચરનાં ચોક ચગ્યા, દીવડીયા જ્યોત જગ્યા,
તારલીયા ટમટમ્યાં રે...
માડી તારા આવવાના એંધાણ કળ્યાં... કુમ કુમના...


મા તું તેજનો અંબાર, મા તું રૂપનો ભંડાર,
મા તું દર્શન દેશે તો થાશે આનંદ અપાર (૨)

દીપશે દીપમાળા રેલે, રંગની રસધાર,
ગરબો ગોળગોળ ઘુમતો, થાશે સાકાર (૨)

સુરજનાં તેજ તપ્યાં, ચંદ્રકિરણ હૈયે વસ્યા,
તારલીયા ટમટમ્યાંરે...

માડી તારા આવવાના એંધાણ કળ્યાં... કુમ કુમના...

# ચાપસી ભાઈની માહિતી


ચાપસીભાઈ (મોરબી)
હાથીભાઈ
આંબાભાઈ
(મોરબી)
હકાભાઈ
(મોરબી)
કોડણભાઈ
તેના વંશજો
ફરી મોરબી
વસ્યા)
વિરમભાઈ
(મોરબી)
લાડણભાઈ
(ગુજરાત તરફ)
જયપાલભાઈ
(મારવાડ તરફ)
ગોપાલજીભાઈ
(મોરબી)
ચગભૂરભાઈ
(મોરબી)
લાલજીભાઈ
(મોરબી)
જીવનભાઈ
ના વંશજો
ટીંબડી
તરફ વસ્યા
હરાભાઈ
ના વંશજો
કોટડા
તરફ વસ્યા
રવાભાઈ
ના વંશજો
મોણિયા તરફ
અંદરજી
કલાભાઈ
ના વંશજો
પોરબંદર તરફ
તથા સાવરકુંડલા
તરફ
ભીમાભાઈ
હડમતીયા
ચોકી
જૂનાગઢ
વશરામભાઈ
બલીયાવડ
ત્યાંથી
વડાલ
જૂનાગઢ
મીઠાભાઈ
હડમતીયા
ત્યાંથી
વડાલ
જૂનાગઢ

# વડાલ ગામે સૌ પ્રથમ બાંધકામ કરનાર દાતાઓની યાદી...

| | | |
|---|---|---|
| (૧) | સંઘવી નરેશભાઈ રમણિકલાલ મણિલાલ તરફથી | ૧૨/૧૧/'૯૫ |
| (૨) | સંઘવી ભગવાનજી મંગળજીનાં સુપુત્ર તરફથી | ૧૨/૧૧/'૯૫ |
| (૩) | સંઘવી મોહનલાલ કાળીદાસનાં સુપુત્ર તરફથી | ૧૨/૧૧/'૯૫ |
| (૪) | સંઘવી બાબુલાલ વલ્લભજી પ્રાગજીનાં સુપુત્ર તરફથી | ૧૨/૧૧/'૯૫ |
| (૫) | સંઘવી કાલીદાસ નેમચંદનાં સુપુત્ર તરફથી | ૧૨/૧૧/'૯૫ |
| (૬) | સંઘવી પ્રેમચંદ પ્રાગજીના સુપુત્ર તરફથી | ૧૪/૦૩/'૯૬ |
| (૭) | સ્વ. મણિલાલ લાધાભાઈ તથા તલકચંદ લાધાભાઈ તરફથી | ૦૫/૦૨/૯૭ |
| (૮) | સંઘવી હરજીવન જુઠાભાઈનાં સુપુત્ર તરફથી | ૦૧/૧૦/'૯૭ |

# વડાલ જગ્યાનાં જીર્ણોદ્ધારમાં આવેલ દાન...

( તા. ૧૫ / ૦૨ / ૨૦૦૮ સુધીની યાદી )

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. હરસુખલાલ અમૃતલાલ સંઘવી<br>જૂનાગઢ. | ૧૧,૧૧૧/– |
| (૨) | સ્વ. મનુકાકા ત્રિભોવનદાસ સંઘવી<br>જૂનાગઢ. | ૧૧,૧૧૧/– |
| (૩) | ત્રિભોવનદાસ મેઘજીભાઈ સંઘવી<br>વડાલ (હાલ મુંબઈ) | ૧૧,૧૧૧/– |
| (૪) | દિલીપકુમાર તલકચંદ સંઘવી<br>મુંબઈ. | ૧૧,૧૧૧/– |
| (૫) | શાન્તાબેન મોહનલાલ સંઘવી<br>કલકત્તા. | ૧૧,૧૧૧/– |
| (૬) | સ્વ. માતુશ્રી પુષ્પાબેન નરોતમદાસ સંઘવી<br>ના સ્મણાર્થે – નરોતમદાસ રતીલાલ સંઘવી<br>પરીવાર તરફથી હ. મહેશભાઈ એન. સંઘવી | ૧૧,૧૧૧/– |
| (૭) | ગૌરાંગભાઈ અનિલકુમાર સંઘવી<br>રાજકોટ. | ૧૧,૦૦૦/– |
| (૮) | સ્વ. બાબુલાલ વલ્લભજી સંઘવી<br>જૂનાગઢ. | ૧૦,૦૦૧/– |
| (૯) | રાજેશભાઈ ઈશ્વરભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૫,૦૦૧/– |
| (૧૦) | રાજેન્દ્રભાઈ એચ. સંઘવી<br>સાવરકુંડલા | ૫,૦૦૦/– |
| (૧૧) | કાંતિલાલ વી. સંઘવી<br>મુંબઈ | ૫,૦૦૦/– |
| (૧૨) | શ્રી કિરીટભાઈ એન. સંઘવી<br>જૂનાગઢ. | ૩,૦૦૦/– |
| (૧૩) | હરસુખલાલ ઓધવજીભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૨,૦૦૧/– |
| (૧૪) | સ્વ. અમૃતલાલ દુર્લભજી સંઘવી<br>જૂનાગઢ. | ૧,૫૦૧/– |
| (૧૫) | મહાસુખભાઈ પ્રેમચંદભાઈ સંઘવી<br>કલકત્તા. | ૧,૫૦૧/– |

| | | |
|---|---|---|
| (૧૬) | વિરેન્દ્રભાઈ કેશવલાલ સંઘવી<br>રાજકોટ. | ૧,૦૦૧/– |
| (૧૭) | વનેચંદભાઈ રતનચંદ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૧/– |
| (૧૮) | સ્વ. કાંતિલાલ વલ્લભજી સંઘવી<br>રાજકોટ. | ૧,૦૦૧/– |
| (૧૯) | સ્વ. વસંતભાઈ રવજીભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૧/– |
| (૨૦) | કમલેશભાઈ પ્રભુદાસભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૦/– |
| (૨૧) | ભરતભાઈ તલકચંદભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૦/– |
| (૨૨) | ધીરેનભાઈ વિનયકાન્ત સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૦/– |
| (૨૩) | સ્વ. વલ્લભદાસ ઓતમચંદ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૦/– |
| (૨૪) | ચિમનલાલ સુંદરજીભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૧,૦૦૦/– |
| (૨૫) | નવીનભાઈ અમૃતલાલ સંઘવી<br>જૂનાગઢ. | ૫૦૧/– |
| (૨૬) | કિશોરચંદ્ર રવજીભાઈ સંઘવી<br>જૂનાગઢ. | ૫૦૦/– |
| (૨૭) | બચુલાલ સુંદરજીભાઈ સંઘવી<br>કાથરોટા | ૫૦૦/– |
| (૨૮) | હરસુખભાઈ કાન્તિલાલ સંઘવી<br>જૂનાગઢ. | ૫૦૧/– |
| (૨૯) | વિરેન્દ્રભાઈ કાન્તિલાલ સંઘવી<br>રાજકોટ | ૫૦૧/– |

અમોને રીનોવેશનનું કામકાજ પૂર્ણ કરવા આપશ્રી વડિલોના આશિર્વાદ મળેલ છે. એ બદલ સંઘવી પરિવાર આપનો આભારી છે.

**સંઘવી પરિવારનાં જય જિનેન્દ્ર.**

# નીચે મુજબની વિગત જાણ માટે

(૧) કાળા રંગના કપડા પહેરીને આવવું નહી. કાળો બેલ્ટ પહેરવો નહી. કાળું પાકીટ સાથે રાખવું નહી.

(૨) ચામડાની વસ્તુ લઈને પ્રવેશ કરવો નહી.

(૩) કાળા રંગનું પાકીટ લઈને પ્રવેશ કરવો નહી. અને જો પ્રવેશ કરવાનો થાય તો શ્રી સુરાપુરા બાપાને વિનંતી કરવી અને કાળું પાકીટ રાખવું.

(૪) શ્રી સુરાપુરા બાપાના દીવા જો (બે) વાટના કરવા. (લાંબી વાટ ભેગી રાખવી અને લાંબી વાટના જ કરવા)

(૫) શ્રી માતાજીના દીવા ફુલ વાટના કરવા.

(૬) શ્રી સુરાપુરા બાપાની આરતી કરવી હોય તો ફુલ વાટના દીવાથી કરવી ઉપરના દીવા કરવાના વધુમાં વધુ જો આરતી કરવી હોય તો જ આરતી કરવી.

(૭) શ્રી માતાજી અને શ્રી સુરાપુરા બાપાના દીવા ઘરે જાય નહી ત્યાં સુધી મંદીર છોડવું નહી.

(૮) શ્રી માતાજી અને સુરાપુરા બાપાનું શ્રીફળ મંદિરની બહાર વધેરવું.

(૯) શ્રી માતાજી અને શ્રી સુરાપુરા બાપાને જે પ્રસાદી ચડાવો તે મંદિર છોડો ત્યારે સાથે લઈ જવી.

(૧૦) પ્રસાદી કુંવારકા કન્યાને ખાવાની હોય છે જો કુંવારકા કન્યા ન હોય તો પુરૂષ વ્યક્તિ ખાઈ શકે છે. ઘરની વહુ ખાઈ શકતી નથી.

(૧૧) સુતકના સમયમાં મંદિરમાં પ્રવેશ કરવો નહી.

(૧૨) ગંદકી કરવી નહી. મંદિર છોડો ત્યારે મંદિરમાં સફાઈ જોઈને બહાર જવું.

(૧૩) ઘરમાં પ્રસંગ હોય ત્યારે શ્રી માતાજી અને શ્રી સુરાપુરા બાપાને પહેલા આમંત્રણ પાઠવવાનું રહેશે.

(૧૪) તમારા કાર્ય સફળતા માટે બાધા લેવી હોય તો શ્રીફળના તોરણની બાધા લઈ શકાય. ૭ અથવા ૫ શ્રીફળનું તોરણ બાંધી નવ તોરણ બાંધતા પહેલા તોરણને ઠંડા કરવાની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે. તોરણ શ્રી સુરાપુરા બાપાના દરવાજે બાંધવા.

(૧૫) જૈનના દેવ કે દેવીના ફોટા શ્રી સુરાપુરા બાપાના મંદિરમાં લઈને મુકવા નહી.



# સ્વ. શ્રી શાન્તાબેન અમૃતલાલ સંઘવી

રેતીનાં કણને કદાચ ગણી શકાય
પણ માની મમતાને ન ગણી શકાય.



સંઘવી પરિવારનાં કુળદેવી

# શ્રી માં અંબા